## મુ. શ્રી જશીબહેન નાયક 'શતાબ્દી વંદના' તથા સરસ્વતી વિદ્યામંડળ - 'અમૃત પર્વ'ની શુભેચ્છા રેલી

સરસ્વતી વિદ્યામંડળની સ્થાપના સને ૧૯૪૪માં પદ્મશ્રી ડૉ. રઘુભાઈ નાયક તથા મુ.શ્રી જશીબહેન નાયક દ્વારા કરવામાં આવી હતી. જે આજે ૭૫માં વર્ષમાં પ્રવેશ કરે છે. જ્ઞાનની દેવી સરસ્વતી માતા અને ઋષિ નાયક દંપતી દ્વારા સ્થાપવામાં આવેલ આ સંસ્થા ખૂબ જ અથાગ પરીશ્રમ કરીને એક કબીર વડ સમાન બની છે. આ શૈક્ષણિક વડલામાં ૮૦૦૦૦ જેટલા સારસ્વતોનું સિંચન થયું છે. જે રાજકીય, સામાજિક, વ્યાપારિક, ટેક્નોલોજી, કાયદો વ્યવસ્થા, ન્યાય, સંરક્ષણ, તબીબી, સચિવાયલ, જંગલખાતા, બાંધકામ વગેરે ક્ષેત્રોમાં સરસ્વતીએ આપેલા સંસ્કાર અને કાર્યસૂઝ દ્વારા અશક્યની આરાધના કરી રહ્યા છે. સરસ્વતી વિદ્યામંડળના વિદ્યાર્થીઓએ સમગ્ર વિશ્વમાં ડંકો વગાડ્યો છે. તમામ ક્ષેત્રોમાં સરસ્વતી વિદ્યામંડળ સંચાલિત શાળાઓના વિદ્યાર્થીઓ મોખરે રહ્યા છે. આ ૭૫ની વર્ષની યાતામાં કોદાળીથી કમ્પ્યૂટર સુધી અને ગુરુકુળ શિક્ષા પદ્ધતિથી આધુનિક શિક્ષણ પદ્ધતિ સુધી સરસ્વતી વિદ્યામંડળે સાધેલી પ્રગતિ અવર્ણનીય છે.

આજે ખૂબ જ સુંદર સંયોગ પ્રાપ્ત થયો છે. ગુરુ માતા મુ.શ્રી જશીબહેન નાયક ૧૮ નવેમ્બર ૨૦૧૮ના રોજ ૧૦૦ વર્ષ પૂર્ણ કરીને શતાબ્દી વર્ષ (૧૦૧ વર્ષ)માં પ્રવેશ કરે છે. અને સરસ્વતી વિદ્યામંડળ ૭૪ વર્ષ પૂર્ણ કરી અમૃત વર્ષ (૭૫ વર્ષ)માં પ્રવેશ કરે છે. શતાબ્દી અને અમૃત પર્વનો સમનવયને પ્રતિસાદ કરવા સરસ્વતી વિદ્યામંડળના પૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા શુભેચ્છા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અંદાજિત ૩૦૦ની જનમેદની દ્વારા સરસપુર, બાપુનગર વિસ્તારમાં વાહન રેલી યોજી હતી જેમાં ૧૦ કાર, ૭૫ જેટલા દ્વિચક્રી વાહનો જોડાયા હતા.

સરસ્વતી વિદ્યામંડળની આગવી પ્રણાલી પ્રમાણે સૌ પ્રથમ મુ. શ્રી જશીબહેનને જન્મદિનની શુભેચ્છા મુ. શ્રી ઉપેન્દ્રભાઈ પટેલ, જ્યોતીન્દ્રભાઈ દવે, મીતાબહેન મહેતા દ્વારા આપવામાં આવી હતી. ત્યારબાદ સરસ્વતી સંગીત વૃંદ દ્વારા કુચ ગીત 'સરસ્વતી કે નયે સિપાઈ' દ્વારા રેલીનું પ્રસ્થાન કર્યું હતું. શુભેચ્છા રેલીમાં સંચાલન મંડળના સભ્યો, પૂર્વ આચાર્યો, પૂર્વ શિક્ષકો, સારસ્વતો જોડાયા હતા.

શુભેચ્છા રેલીનું સરસપુર-બાપુનગરના વિદ્યાર્થીઓ તથા તેમના પરિવારે ઠેર ઠેર જગ્યાએ શુભેચ્છા રેલીનું સ્વાગત કર્યું હતું. માનવતાની મહેંકથી મહેકતી અને લાગણીસભર સંબંધોના તાણાવાણાથી જોડાયેલ વિશાળ શુભેચ્છા રેલી સરસપુર, બાપુનગર વિસ્તારમાં ફરીને પરત કૅમ્પસમાં આવી હતી. વાતાવરણ ખૂબ જ આલહાદક હતું.

શુભેચ્છારેલીમાં રાષ્ટ્રીય સેવા સંઘ વતી ભૌતિક પટેલ તથા તેમના મિત્રવર્તુળ દ્વારા, સરસપુરના નાગરીકો, સરસપુરના રાજકીય-સામાજિકના આગોવાનો શ્રી શાંતાબેન પંચાલ, મફતભાઈ પટેલ, ધીરુભાઈ બ્રહ્મભટ્ટ, હરેશભાઈ દેસાઈ, વિરુભાઈ આર્ય દ્વારા, બાપુનગરમાં શુભેચ્છક અરવિંદ મિલ સંચાલિત ચંદ્રપ્રસાદ મેમોરીયલ ફાઉન્ડેશનના શ્રી કાન્તિભાઈ પટેલ દ્વારા, અમારા સારસ્વત તબીબ ડૉ. ભાવેશભાઈ ઠક્કર (સ્ટાર હૉસ્ટિપલના ચેરમેન) દ્વારા, અમારા તબીબ શુભેચ્છા ભાગ્યોદય લેબોરીટરી વાળા ડૉ. દિલીપભાઈ દવે (પ્રમુખ, ડૉક્ટર એસોસીએશન) દ્વારા, સરસપુર સેવા ટ્રસ્ટ વતી શ્રી ઉપેન્દ્રભાઈ પટેલ દ્વારા અને સરસ્વતીના પરિવારના શ્રી કલ્પેશભાઈ પટેલ, મનીષભાઈ પટેલ, ગફુરભાઈ દેસાઈ, પ્રકાશભાઈ સુથાર, કિશન શુકલ, રૂપલબેન દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.

સાંપ્રત પ્રવાહોમાં સંસ્થાએ ધારેલા આદર્શો અને પરંપરાને પાર પાડવા હજુ પણ અવિરતપણે સંઘર્ષ ચાલુ છે અને તેનો સામનો કરવા સરસ્વતી વિદ્યામંડળ પરિવાર કટિબદ્ધ છે. શિક્ષણ અને સમાજની આશાઓને ફળીભૂત કરવા તથા આ ઋષિ દંપત્તિએ સેવેલા સ્પપ્નોને પૂરા કરવા માટે જગતનિયંતાની કૃપા મા સરસ્વતીનો વરદ્ હસ્ત, અનેક શુભેચ્છકોની શુભેચ્છાઓ, વિદ્યાર્થીઓનો પ્રેમ તથા સમાજનો સહકાર મળતો રહે તેવી આશા સેવીએ છીએ. સરસ્વતીની આ વિકાસકૂચમાં પોતાનો મૂલ્યવાન ફાળો આપનાર અગણિત સૈનિક પ્રત્યે કૃતઘ્નતાથી લાગણી વ્યક્ત કરીએ છીએ. અને આવનારા ઘણા વર્ષો સુધી કેળવણીના ક્ષેત્રે ધ્રુવપદ ધારણ કરનાર મુ.શ્રી રઘુભાઈ નાયક અને મુ. શ્રી જશીબહેન નાયકના આશીર્વાદ સાથે આ સંસ્થા વિકાસકૂચ કરતી રહેશે.

શુભેચ્છા રેલીના સફળ આયોજન બદલ મુ.શ્રી જશીબહેન તથા શ્રી જ્યોતીન્દ્રભાઈએ સૌનો આભાર માન્યો હતો.